જય જય<br>જગ જનની મા

યા દેવી સર્વ ભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતાઃ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ
।।જય શ્રી બાલવી માતાજી।।

જય જય<br>જગ જનની મા

# તન્ના પારિવારિક કુળદેવી બાલવી માતાજી મંદિર ટ્રસ્ટ

# 🏵 ફરાળી અન્નકૂટ મહોત્સવ 🏵

શારદીય નવરાત્રી – આસો સુદ સાતમ (સપ્તમી)

રવિવાર, ૧૮ ઑક્ટોબર, ૨૦૨૬

તન્ના પારિવારીક કુળદેવી શ્રી બાલવી માતાજી મંદિર, જામ ખંભાળીયા

**તન્ના પરિવારના સર્વે વડીલો, ભાઈઓ, બહેનો અને બાળકોને પ્રેમભર્યું આમંત્રણ**

શ્રી બાલવી માતાજી ની અસીમ કૃપાથી આસો સુદ સાતમ (સપ્તમી), રવિવાર, તા. ૧૮ ઑક્ટોબર, ૨૦૨૬ના પાવન દિવસે શ્રી બાલવી માતાજી મંદિર, જામ ખંભાળિયા મુકામે ભવ્ય ફરાળી અન્નકૂટ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે.

## 🏵 કાર્યક્રમની વિગતો 🏵

**અન્નકૂટ નું સ્થળ:** શ્રી બાલવી માતાજી મંદિર, જામ ખંભાળિયા

**અન્નકૂટ ની તારીખ:** રવિવાર, ૧૮ ઑક્ટોબર, ૨૦૨૬

**અન્નકૂટ ના દર્શનનો સમય:** સાંજે ૪:૩૦ થી ૭:૩૦ વાગ્યા સુધી

**આ પાવન અને મંગલમય અવસરનો લાભ લેવા સમસ્ત તન્ના પરિવારને હાર્દિક આમંત્રણ છે.**

## 🏵 સેવા કરવાની રીત 🏵

દરેક બહેન પોતાની શ્રદ્ધા અને સ્વેચ્છા મુજબ ફરાળી સામગ્રી બનાવીને લાવી શકે છે. અન્નકૂટમાં માત્ર ઉપવાસની સામગ્રીનો જ સમાવેશ કરવામાં આવશે. જેમાં વિવિધ પ્રકારનાં ફળ, ફરાળી ફરસાણ, ફરાળી મીઠાઈ, સૂકા મેવા તથા અન્ય ફરાળી સામગ્રીનો સમાવેશ કરી શકાય છે. સામગ્રી બનાવતી વખતે પવિત્રતા અને સ્વચ્છતાનું વિશેષ ધ્યાન રાખવા વિનંતી.

શ્રી બાલવી માતાજી ના આશીર્વાદથી આ શારદીય નવરાત્રી દરમિયાન સમસ્ત તન્ના પરિવારને અન્નકૂટ સેવા તથા વસ્ત્ર સેવાનો પાવન લાભ પ્રાપ્ત થયો છે.

## 🙏 સેવા માટે નોંધ 🙏

**અન્નકૂટ સેવા ફંડ:** તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી જ સ્વીકારવામાં આવશે.

**વસ્ત્ર સેવા ફંડ:** તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ પછી સ્વીકારવામાં આવશે.

આપ સૌની પાવન ઉપસ્થિતિ જ આ ધાર્મિક પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરશે. આવો, પરિવાર સહિત શ્રી બાલવી માતાજી ના પવિત્ર દરબારમાં ઉપસ્થિત રહી ભક્તિ-ભાવથી ગરબા રમીયે, ફરાળી અન્નકૂટ મહોત્સવમાં સહભાગી બનીએ અને માતાજી ના દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત કરીએ.

**કાર્યક્રમ અંગે કોઈપણ પ્રશ્ન અથવા વધુ માહિતી માટે નીચેના સંપર્ક નંબરો પર નિઃસંકોચ સંપર્ક કરશો.**

૧) તૃપ્તિબેન તન્ના: +91 96647 07944

૨) ઈલાબેન તન્ના: +91 91678 36056

3) ખુશ્બૂબેન તન્ના: +91 72083 13710

**શ્રી બાલવી માતાજીના આશીર્વાદ સદા સમસ્ત તન્ના પરિવાર પર વરસતા રહે તેવી પ્રાર્થના.**

**લી. ટ્રસ્ટી મંડળ**